પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

# -:: ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ- ૩૭ (૪) અન્વયે કરેલ હુકમ ::-

**ક્રમાંક:એસ.બી./કોરોના વાયરસ સુધારેલ જાહેરનામું/ ૦૨/૨૦૨૨**

**વંચાણે લીધા**

**(૧) ગૃહવિભાગ સચિવાલય ગાંધીનગર ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા. ૦૭/૦૧/૨૦૨૨**

૧. રાજ્યમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિમી સમીક્ષા કરી તા.૩૦/૧૧/૨૦૨૧ ના હુકમ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨- A તથા તા.૨૪/૧૨/૨૦૨૧ ના હુકમ ક્રમાંક- વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨- થી રાજ્યના ૦૮ શહેરોમાં રાત્રી કર્ફ્યુ તથા અમલમાં મુકવામાં આવેલ નિયંત્રણો તેમજ ગ્રુહ વિભાગના તા.૩૦/૧૧/૨૦૨૧ ના હુકમ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-B થી સમગ્ર રાજ્યમાં મુકવામાં આવેલ નિયંત્રણોની અવધિ તા.૦૭/૦૧/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે.

૨ કેન્દ્રિય ગ્રુહ મંત્રાલયના તા.૨૭/૧૨/૨૦૨૧ના હુકમ અનુસાર કેન્દ્રિય આરોગ્ય અને પરીવાર કલ્યાણ મંત્રાલયના તા.૨૧/૧૨/૨૦૨૧ના અ.સ. પત્ર થી રાજ્યોને કોરોનાનો વ્યાપ અટકાવવા માટે આપવામાં આવેલ સુચનાઓનો રાજ્ય સરકાર દ્વારા અમલ કરવાનો રહે છે.

૩. રાજ્યની વર્તમાન પરિસ્થિતી અંગે સમીક્ષા બાદ સુરત શહેરમાં નીચે મુજબના નિયંત્રણો તા. ૦૮/૦૧/૨૦૨૨ થી તા.૧૫/૦૧/૨૦૨૨ સુધી અમલમાં મુકવા નિર્ણય લેવામાં આવે છે.

સુરત શહેર વિસ્તાર વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડ વાળુ હોય નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે જાહેર જનતાના હિતમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે **હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર** નીચે મુજબનો હુકમ કરૂં છું

**૪. નિયંત્રણો-**

**૪.૧ – નીચે મુજબના નિયંત્રણો સુરત શહેરમાં અમલમાં મુકવામાં આવે છે**

| અ.નં | વિગતો | નિયંત્રણો |
|---|---|---|
| ૧ | રાત્રી કર્ફ્યુ | દરરોજ રાત્રીના ૧૦/૦૦ કલાક થી સવારના ૦૬/૦૦ કલાક સુધી રાત્રી કર્ફ્યુ અમલમાં રહેશે. |
| ૨ | દુકાનો, વાણીજ્યક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપીંગ કોમ્પલેક્ષ, માર્કેટીંગ યાર્ડ, અઠવાડીક ગુજરી/બજાર/હાટ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર,તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ | દર્શાવેલ વ્યાપારિક ગતિવિધિઓ રાત્રીના ૧૦/૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે. |
| 3 | હોટલ/ રેસ્ટોરેન્ટસ | બેઠક ક્ષમતાના ૭૫% સાથે રાત્રીના ૧૦/૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.<br>હોટલ/ રેસ્ટોરેન્ટસમાં HOME Delivery સેવાઓ રાત્રીના ૧૧/૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે |

૪.૨ નીચે મુજબના નિયંત્રણો સુરત શહેરમાં અમલમાં મુકવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૪ | તમામ પ્રકારના રાજકીય/ સામાજિક/શૈક્ષણિક/ સાંસ્કુતિક/ ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો તેમજ ધાર્મિક સ્થળો | ખુલ્લામાં . મહત્તમ ૪૦૦ (ચાર સો) વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦ % (મહત્તમ ૪૦૦ વ્યકિતઓની મર્યાદામાં) વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે. |
| ૫ | લગ્ન પ્રસંગ | ખુલ્લામાં . મહત્તમ ૪૦૦ (ચાર સો) વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦ % (મહત્તમ ૪૦૦ વ્યકિતઓની મર્યાદામાં) વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે. .લગ્ન પ્રસંગ માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણી કરવાની રહેશે. |
| ૬ | અંતિમ ક્રિયા / દફન વીધી | મહતમ ૧૦૦ (એકસો) વ્યક્તિઓની મંજૂરી રહેશે |
| ૭ | પબ્લિક તથા પ્રાઇવેટ બસ ટ્રાન્સપોર્ટ | નોન એ.સી બસ સેવાઓ ૭૫ % ક્ષમતા સાથે (Standing not allowed) જ્યારે એ.સી. બસ સેવાઓ મહતમ ૭૫% પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે. બસ ટ્રાન્સપોર્ટ સેવાઓને રાત્રી કર્ફ્યુમાંથી મુક્તિ આપવામાં આવે છે |
| ૮ | સિનેમા હોલ | બેઠક ક્ષમતાના ૫૦% થી ચાલુ રાખી શકાશે. |
| ૯ | જીમ | સમાવેશ ક્ષમતાના ૫૦% થી ચાલુ રાખી શકાશે. |
| ૧૦ | વોટર પાર્ક તથા સ્વિમીંગ પુલ | ક્ષમતાના મહતમ ૫૦% સાથે ચાલુ રાખી શકાશે |
| ૧૧ | વાંચનાલયો | બેઠક ક્ષમતાના ૫૦% થી ચાલુ રાખી શકાશે. |
| ૧૨ | ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો | બેઠક ક્ષમતાના ૫૦% થી ચાલુ રાખી શકાશે |
| ૧૩ | જાહેર બાગ-બગીચાઓ | રાત્રીના ૧૦/૦૦ કલાક સુધી . |
| ૧૪ | ધોરણ ૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચીંગ સેન્ટરો/ ટ્યુશન ક્લાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો | સ્થળની ક્ષમતાના મહતમ ૫૦% વિધાર્થીઓ સાથે. |
| ૧૫ | શૈક્ષણિક સંસ્થાઓ | શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સુચનાઓને આધિન ચાલુ રાખી શકાશે. ` |
| ૧૬ | શાળા , કોલેજ અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક /ભરતી અંગેની પરીક્ષાઓ | કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P સાથે યોજી શકાશે. |
| ૧૭ | સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ/ સ્પોર્ટસ સ્ટેડીયમ/ સંકુલમાં રમત-ગમત | પ્રેક્ષકોની ઉપસ્થિતી વગર ચાલુ રાખી શકાશે. |

**ઉપરોક્ત તમામ આર્થિક પ્રવુતિઓ સાથે સંકળાયેલ માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓ માટે વેક્સિનના બે ડોઝ ફરજીયાત રહેશે.**

## ૫. રાત્રી કર્ફ્યુ સમયગાળા દરમિયાન નીચેની બાબતો લક્ષમાં લેવાની રહેશે.

(૧) બિમાર વ્યક્તિ,સગર્ભાઓ,અશકત વ્યક્તિઓને સારવાર માટે એટેન્ડન્ટ સાથે અવરજવરની છુટ રહેશે.

(૨) મુસાફરોને રેલ્વે,એરપોર્ટ ST કે સીટી બસની ટીકીટ રજુ કર્યેથી તેઓને અવરજવરની પરવાનગી આપવાની રહેશે.

(૩) રાત્રી કર્ફ્યુના સમયગાળા દરમ્યાન રાજકીય/સામાજિક/શૈક્ષણિક/ સાંસ્કૃતિક/ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો યોજી શકાશે નહી.

(૪) આવશ્યક સેવા સાથે સંકળાયેલ નાગરિકો/અધિકારીઓ/કર્મચારીઓએ અવરજવર દરમ્યાન માંગણી કર્યે થી જરૂરી ઓળખપત્ર રજુ કરવાના રહેશે.

(૫) અનિવાર્ય સંજોગોમાં બહાર નિકળેલ વ્યક્તિઓએ તેમનું ઓળખપત્ર , ડોકટરનું પ્રીસ્ક્રીપ્શન,સારવારને લગતાં કાગળો અને અન્ય પુરાવાઓ રજુ કર્યેથી અવરજવરની પરવાનગી આપવાની રહેશે.

(૬) અનિવાર્ય સંજોગોમાં બહાર નિકળેલ વ્યક્તિઓ સાથે ફરજ પરના અધિકારી/કર્મચારીએ માનવીય અભિગમ દાખવવાનો રહેશે.

## ૬. રાત્રી કર્ફ્યુ સમયગાળા દરમિયાન નીચે જણાવેલ સેવાઓ/પ્રવુતિઓચાલુ રાખી શકાશે.

(૧) COVID-19ની કામગીરી સાથે સીધી રીતે સંકળાયેલ સેવા તેમજ આવશ્યક/તાત્કાલિક સેવા સાથે સંકળાયેલ સેવાઓ.

(૨) મેડીકલ, પેરામેડીકલ તથા તેને આનુષંગિક આરોગ્યલક્ષી સેવાઓ.

(૩) ઓક્સિજન ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા.

(૪) ઇન્ટરનેટ/ટેલિફોન/મોબાઇલ સર્વિસ પ્રોવાઇડર/આઇ.ટી અને આઇ.ટી સંબંધિત સેવાઓ.

(૫) પ્રિન્ટ અને ઇલેકટ્રોનિક મિડીયા,ન્યુઝ પેપર ડીસ્ટ્રીબ્યુશન

(૬) પેટ્રોલ, ડિઝલ, એલ.પી.જી /સી.એન.જી /પી.એન.જી ને સંબંધિત પંપ, ઓપરેશન ઓફ પ્રોડકશન યુનિટ, પોર્ટ ઓફ લોડીંગ, ટર્મિનલ ડેપોઝ, પ્લાન્ટસ તથા તેને સંબંધિત ટ્રાન્સપોર્ટેશન ,ડિસ્ટ્રીબ્યુશન અને રીપેરીંગ સેવાઓ

(૭) પોસ્ટ અને કુરીયર સર્વિસ

(૮) ખાનગી સિક્યુરીટી સેવાઓ

(૯) પશુ આહાર ઘાસ ચારો તથા પશુઓની દવા તથા સારવાર સંબધીત સેવાઓ

(૧૦) કૃષિ કામગીરી, પેસ્ટ કંટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરીવહન અને પુરવઠા વ્યવસ્થા

(૧૧) ) ઉક્ત તમામ આવશ્યક ચીજ વસ્તુઓના પરીવહન, સંગ્રહ અને વિતરણને લગતી તમામ સેવાઓ

(૧૨) આંતર રાજ્ય, આંતર જીલ્લા, અને આંતર શહેરોમાં વ્યાપાર/ સેવા પરીવહન, સંગ્રહ અને વિતરણને લગતી ટ્રાન્સપોર્ટ સેવાઓ તથા તેને સંલગ્ન ઇ-કોમર્સ સેવાઓ.

(૧૩) તમામ પ્રકારના ઉત્પાદન/ઔધોગિક એકમો અને તેને રો મટીરીયલ પુરો પાડતા એકમો ચાલુ રહેશે અને તેમના સ્ટાફ માટેની વાહનવ્યવસ્થા ચાલુ રહેશે. જે દરમિયાન COVID-19 સંબંધીત માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) બાંધકામને લગતી પ્રવૃતિ ચાલુ રહેશે. જે દરમિયાન COVID-19 સંબંધીત માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭.                                  કેંન્દ્રીય ગ્રુહ મંત્રાલયના તા.૨૭/૧૨/૨૦૨૧ ના હુકમથી જાહેર કરવામાં આવેલ નીચે મુજબના National Directives for Covid-19 નું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે

(૧) તમામે જાહેર સ્થળોએ, કામ કરવાની જગ્યાએ તેમજ મુસાફરી દરમિયાન ફરજીયાત માસ્ક પહેરવાનુ રહેશે.

(૨) . તમામે જાહેર સ્થળોએ તેમજ દુકાનોમાં ગ્રાહકો વચ્ચે " ૬ ફુટના અંતર" ના નિયમનુ પાલન કરવાનુ રહેશે.

(૩) જાહેર સ્થળોએ થુંકવા બદલ તેમના વિરૂધ્ધ દંડ તેમજ કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે

**<u>-:વિસ્તાર:-</u>**

સુરત શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

.

**<u>-:શિક્ષા:-</u>**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર THE EPIDEMIC DISEASES ACT 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, જી.પી.એક્ટ ૧૩૫ તથા, The Disaster Management Act, ની જોગવાઇઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**<u>-:જાહેર વિજ્ઞાપન:-</u>**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, જી.પી.એક્ટ ૧૩૫ , THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**આજ તા. ૦૭/૦૧/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.**

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

<u>પ્રતિ,</u>

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧,૨ તથા ટ્રાફિક એન્ડ ક્રાઇમ સુરત શહેર.

(૨) . નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર

(૩). મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર

(૪). તમામ પો.સ્ટે./ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૫) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

<u>**સવિનય નકલ રવાના :-**</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી  સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત

(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)